# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## એમ.ફિલ./પીએચ.ડી. (M.Phil./Ph.D.) અધિનિયમ-૨૦૧૬

(એમ.ફિલ./પીએચ.ડી. (અનુપારંગત/વિદ્યાવાચસ્પતિ) પદવીપ્રાપ્તિ માટે યુ.જી.સી.ની લઘુત્તમ ધોરણો અને પ્રક્રિયા)

## ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

**(આ અધિનિયમ અગાઉના અધિનિયમ-2009 નું સ્થાન લે છે.)**

**(તા. 14-06-2017 ની વિદ્યાસભા તથા તા. 29/7/2017 ની સ્થાયી સમિતિમાં થયેલા સુધારા-વધારા સાથે)**

# એમ.ફિલ./પીએચ.ડી.-M.Phil./Ph.D. (અનુપારંગત/વિદ્યાવાચસ્પતિ)
# અધિનિયમ-૨૦૧૬

## અનુક્રમણિકા


1. શબ્દોની પરિભાષા
2. વિનિયોગ
3. ઉદ્દેશ્ય
4. યોગ્યતા
5. પ્રવેશપ્રક્રિયા
6. માર્ગદર્શકની પસંદગી અને નિયુક્તિ
7. અભ્યાસક્રમનું સ્વરૂપ અને અભ્યાસકાર્ય (Course Work)
8. નોંધણી
9. શિસ્ત, હાજરી અને પ્રગતિ અહેવાલ
10. માર્ગદર્શકની માન્યતા
11. વિદ્યાર્થીસંખ્યા
12. માર્ગદર્શકની ફેરબદલી/ સહમાર્ગદર્શકની નિમણૂક
13. માર્ગદર્શક દ્વારા વિદ્યાર્થીને ગેરલાયક ઠેરવવો/ વિદ્યાર્થીની નોંધણી રદ કરવી
14. સંશોધન વિષયમાં ફેરફાર
15. શોધનિબંધના શીર્ષકમાં ફેરફાર
16. મુદતવધારો અને પુનઃ નોંધણી
17. ફીની ચૂકવણી
18. શોધકાર્યમાં પ્રગતિ અને શોધનિબંધની સોંપણી પૂર્વેનો પરિસંવાદ
19. શોધનિબંધનું માળખું
20. શોધનિબંધની સોંપણી
21. શોધનિબંધનું મૂલ્યાંકન
22. મૌખિક પરીક્ષા (Viva Voce)
23. જાહેરનામું
24. યુ.જી.સી.માં સોંપણી
25. પદવીદાન
26. અર્થઘટન
27. વિશેષ

## પરિશિષ્ટો

1. એમ.ફિલ./પીએચ.ડી.(અનુપારંગત/વિદ્યાવાચસ્પતિ)ની નોંધણી માટે જાહેરાતનું માળખું
2. નોંધપોથીનું માળખું
3. પ્રગતિ અહેવાલનું માળખું
4. એમ.ફિલ./પીએચ.ડી.(અનુપારંગત/વિદ્યાવાચસ્પતિ) શોધનિબંધનું માળખું
5. શોધનિબંધના પ્રમાણપત્રનું માળખું
6. મૂલ્યાંકન અહેવાલનું માળખું
7. મૌખિક પરીક્ષાનું માળખું
8. વિદ્યાર્થી લેણું બાકી તથા તેનું નિયત માળખું

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## એમ.ફિલ./પીએચ.ડી.(અનુપારંગત/વિદ્યાવાચસ્પતિ) અધિનિયમ-૨૦૧૬

**1. શબ્દોની પરિભાષાઃ**

આ અધિનિયમમાં વપરાયેલાં કેટલાંક પદોનો અર્થ આ પ્રમાણે છે, સિવાય કે આ પદો ગૂજરાત વિદ્યાપીઠના કાયદાઓ, ધારાધોરણો કે વટહુકમથી અન્યત્ર પરિભાષિત કરવામાં આવ્યાં હોય.

**1.1** 'વિદ્યાપીઠ' એટલે ગૂજરાત વિદ્યાપીઠ ડિમ્ડ યુનિવર્સિટી.

**1.2** 'ઉમેદવાર' એટલે એવી વ્યક્તિ કે જેણે M.Phil. /Ph.D.ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે અરજી કરી છે.

**1.3** 'વિદ્યાર્થી' એટલે એવી વ્યક્તિ કે જેણે M.Phil. /Ph.D.ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો છે અને જેની નોંધણી થયેલી છે.

**1.4** 'માર્ગદર્શક' જેને વિદ્યાપીઠ દ્વારા સંશોધન માર્ગદર્શક તરીકેની માન્યતા આપવામાં આવી છે.

**1.5** 'સહમાર્ગદર્શક' એટલે સંયુક્ત માર્ગદર્શનના કિસ્સામાં દ્વિતીય માર્ગદર્શક.

**1.6** 'સત્ર' એટલે **જાહેર કરેલા સત્રનો સમયગાળો**.

**1.7** 'મુદતવધારો' એટલે M.Phil. /Ph.D.ની નોંધણી પછી અનુક્રમે ચાર અને બાર સત્ર પછી લંબાવવામાં આવેલો સમયગાળો.

**1.8** 'નોંધણી' એટલે M.Phil. /Ph.D.ના કાર્યક્રમ અંતર્ગત શોધકાર્ય હાથ ધરવા માટેની ઉમેદવારની નોંધણી, જે ઉમેદવાર અભ્યાસકાર્યમાં ઉત્તીર્ણ થયો/થઈ હોય અને જેનો સંશોધન પ્રસ્તાવ વિદ્યાપીઠ દ્વારા સ્વીકારવામાં આવ્યો હોય.

**1.9** 'પરીક્ષક' એટલે લેખિત પરીક્ષા કે શોધનિબંધની તપાસ માટે વિદ્યાપીઠ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ તજ્જ્ઞ, અને સંબંધિત માર્ગદર્શક.

**1.10** 'વિદ્યાસભા' (એકેડેમિક કાઉન્સિલ) એટલે ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભા.

**1.11** 'M.Phil. /Ph.D.' એટલે અનુક્રમે માસ્ટર ઓફ ફિલોસોફી અને ડૉક્ટર ઓફ ફિલોસોફી.

**2. વિનિયોગઃ**

આ અધિનિયમ બધા જ માર્ગદર્શકો, સહમાર્ગદર્શકો, પરીક્ષકો, ઉમેદવારો અને વિદ્યાર્થીઓને લાગુ પડશે.

**3. ઉદ્દેશ્યઃ**

આ અભ્યાસક્રમોનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીને સંશોધનની તાલીમ આપવાનો તથા તે માટેની સ્વતંત્ર તપાસ અને મૂળભૂત શોધકાર્યો માટે તૈયાર કરી પોતાના વિષયક્ષેત્ર અને વ્યવસાયના જ્ઞાનમાં સાર્થક યોગદાન માટે સક્ષમ બનાવવાનો છે. આ તાલીમ પ્રક્રિયાનો અંત નથી પરંતુ ફળદાયી સંશોધનની કારકિર્દી માટેનું સાધન છે. આ ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે નીચેની બાબતો સિદ્ધ કરવાની રહેશે.

- પસંદ કરેલી વિદ્યાશાખામાં મૂળભૂત જ્ઞાનની પ્રાપ્તિ.
- સંશોધન ક્ષેત્રે ઊંડાણપૂર્વકના જ્ઞાનની પ્રાપ્તિ.
- સંબંધિત વિષયક્ષેત્રમાં સંશોધન ઉપકરણોના ઉપયોજનની ક્ષમતાની પ્રાપ્તિ.
- મૂળભૂત સંશોધનો હાથ ધરવા માટેનાં જરૂરી કૌશલ્યો અને ક્ષમતાની પ્રાપ્તિ.

**4. યોગ્યતાઃ**

**4.1 M.Phil. કાર્યક્રમ માટેની યોગ્યતા:**

4.1.1 ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા જાહેર કરેલા વિષયોમાં, ઉમેદવાર M.Phil.ની નોંધણી માટે લાયક ગણાશે. M.Phil. માટે અનુસ્નાતકના જે વિષયમાં / સંબંધિત વિષયમાં વિદ્યાપીઠે જે પદવીને સમકક્ષ પદવી તરીકેની માન્યતા આપી છે તેમાં ઉમેદવારે કૃપાગુણ સિવાય ઓછામાં ઓછા કુલ ૫૫ ટકા ગુણ (૭ પોઇંટ સ્કેલમાં B અથવા ૧૦ પોઇંટ સ્કેલમાં $B^+$) મેળવ્યા હોય તે આવશ્યક છે (સ્રોત: UGC 2.1).

4.1.2 અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઉન્નત(નોન ક્રિમિલેયર) વર્ગમાં સમાવેશ ન પામતા અન્ય પછાત વર્ગના ઉમેદવાર, શારીરિક અક્ષમ કે ૧૯-૦૯-૧૯૯૧ પૂર્વે અનુસ્નાતક થયા હોય તેવા ઉમેદવાર માટે અનુસ્નાતક કક્ષાએ કૃપા ગુણ સિવાય ૦૫ ટકાની છૂટછાટ આપવામાં આવશે એટલે કે ૫૫ ના બદલે ૫૦ ટકા ગુણ મેળવ્યા હશે તો તે M.Phil.ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે લાયક ગણાશે (સ્રોત UGC 2.2).

**4.2 Ph.D. કાર્યક્રમ માટેની યોગ્યતા:**

4.2.1 ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા જાહેર કરેલા વિષયોમાં, ઉમેદવાર Ph.D. ની નોંધણી માટે લાયક ગણાશે. Ph.D. માટે અનુસ્નાતકના જે વિષયમાં / સંબંધિત વિષયમાં વિદ્યાપીઠે જે પદવીને સમકક્ષ પદવી તરીકેની માન્યતા આપી છે તેમાં ઉમેદવારે કૃપાગુણ સિવાય ઓછામાં ઓછા કુલ ૫૫ ટકા ગુણ (૭ પોઇંટ સ્કેલમાં B અથવા ૧૦ પોઇંટ સ્કેલમાં $B^+$) મેળવ્યા હોય તે આવશ્યક છે (સ્રોત UGC 3.1).

4.2.2 જે ઉમેદવારે M.Phil. અભ્યાસકાર્ય (Course work)માં ઓછામાં ઓછા ૫૫ ટકા (સરેરાશ) અથવા ૭ પોઇંટ સ્કેલમાં B અથવા ૧૦ પોઇંટ સ્કેલમાં $B^+$ મેળવ્યા હોય અથવા ગૂજરાત વિદ્યાપીઠના ઉમેદવાર કે જે ઉમેદવારનો શોધ નિબંધ જમા કરાવ્યો/તપાસાઈ ગયો છે પરંતુ તેની મૌખિક પરીક્ષા બાકી હોય તે ઉમેદવારને ગૂજરાત વિદ્યાપીઠમાં Ph.D. કાર્યક્રમ માટે યોગ્ય ગણવામાં આવશે.

4.2.3 અનુસૂચિત જાતિ; અનુસૂચિત જનજાતિ; ઉન્નત(નોન ક્રિમિલેયર) વર્ગમાં સમાવેશ ન પામતા અન્ય પછાત વર્ગના ઉમેદવાર; શારીરિક અક્ષમ અને 19-09-1991 પૂર્વે અનુસ્નાતકમાં ઉત્તીર્ણ થયેલા હોય તેવા અનુસ્નાતક કક્ષાએ કૃપાગુણ સિવાય ઓછામાં ઓછા 50 ટકા ગુણ મેળવનાર ઉમેદવાર Ph.D.ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે લાયક ગણાશે.

**5. પ્રવેશ પ્રક્રિયા:**

5.1 પ્રતિ વર્ષ ઑગસ્ટ/સપ્ટેમ્બરના સમયગાળામાં M.Phil./Ph.D.માં નોંધણી કરવાની રહેશે.

5.2 માર્ગદર્શકોએ વિભાગીય વડા દ્વારા ૧૫ એપ્રિલ સુધીમાં M.Phil. /Ph.D.ના પ્રવેશ માટેની ખાલી જગ્યાઓની સંખ્યા વિદ્યાપીઠના કુલસચિવને મોકલવાની રહેશે.

5.3 વિદ્યાપીઠના કુલસચિવ એપ્રિલ/મે માસમાં M.Phil./Ph.D.ના પ્રવેશ અંગેની જાહેરાત/ સૂચના આપશે. M.Phil./Ph.D.માં પ્રવેશ માટેની જાહેરાતનું માળખું પરિશિષ્ટ-1 મુજબનું રહેશે. વિદ્યાપીઠની વેબસાઈટ ઉપરાંત રાષ્ટ્રીય પ્રસિદ્ધિ ધરાવતા ઓછામાં ઓછા બે સમાચારપત્રોમાં જાહેરાત આપવાની રહેશે, જે પૈકી એક સમાચારપત્ર ગુજરાતી ભાષામાં રહેશે.

5.4 ઉમેદવારે વિદ્યાપીઠ દ્વારા આયોજિત નીચે મુજબની બે કસોટીઓ આપવાની રહેશે (M.Phil. અને Ph.D. અભ્યાસક્રમ માટે અલગ પરીક્ષા લેવામાં આવશે).

i. સંશોધન સજ્જતા - કુલ ગુણ ૫૦ - સમય દોઢ કલાક

- સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રનું સંબંધિત જ્ઞાન - ૩૦ ગુણ (સ્રોત UGC 5.4.1)
- માહિતી અને પ્રત્યાયન ટેક્નોલોજીનું સંશોધનમાં ઉપયોજન - ૦૫ ગુણ
- સંબંધિત વિષયક્ષેત્રના નૂતન પ્રવાહો - ૧૫ ગુણ

ii. ગાંધીવિચાર - કુલ ગુણ ૫૦ - સમય દોઢ કલાક

ઉપરોક્ત કસોટીઓ એક સાથે એક જ દિવસે લેવામાં આવશે.

5.5 મુદ્દા ક્રમાંક 5.4 માં સૂચિત બંને પ્રશ્નપત્રો માટે પ્રશ્નસ્વરૂપ પ્રમાણે ગુણનું વિતરણ નીચે મુજબ રહેશે.

**i.** હેતુલક્ષી પ્રશ્નો - ૧૫ ગુણ
**ii.** ટૂંક જવાબી પ્રશ્નો - ૧૫ ગુણ
**iii.** નિબંધ સ્વરૂપના પ્રશ્નો ૨૦ ગુણ

5.6 ગાંધીવિચારની કસોટી માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં ઉપલબ્ધ હોય તેવું પુસ્તક નક્કી કરવામાં આવશે. M.Phil./Ph.D. અભ્યાસક્રમ માટે ગાંધીવિચારની કસોટી અંગેનું પુસ્તક ઉમેદવાર અરજીપત્ર વિદ્યાપીઠમાં રજૂ કરે તે સમયે આપવામાં આવશે. **ઉમેદવારી માટે બન્ને પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ મેળવવાના રહેશે**. બંને પરીક્ષામાં મેળવેલા ગુણનો સરેરાશ ૫૦ ટકા કે તેથી વધુ હોવો જરૂરી છે.

5.7 M.Phil./Ph.D. માટે અનામત જગ્યાઓની જોગવાઈ પ્રવર્તમાન કેન્દ્ર સરકારના ધારાધોરણ મુજબ વિભાગ/વિષયવાર કરવાની રહેશે. અનામત જગ્યાઓની ગણતરી જે તે વિષય મુજબ ધ્યાનમાં લેવાની રહેશે.

5.8 યુ.જી.સી. JRF/NET/SLET માં ઉત્તીર્ણ ઉમેદવારોને M.Phil./Ph.D.ની જગ્યાઓની ફાળવણીમાં 50 ટકાથી વધુ નહીં પણ જે તે કક્ષા(કેટેગરી)માં અગ્રિમતા આપવાની રહેશે.

5.9 યુ.જી.સી. JRF/ NET/ SLET ઉત્તીર્ણ ઉમેદવારો વિષયસંબંધિત પરીક્ષા (મુદ્દા ક્રમાંક 5.4 - પ્રશ્નપત્ર i - સંશોધન સજ્જતા વિષયક કસોટી)માંથી મુક્તિ મેળવી શકશે. આ પરીક્ષા તેઓ આપવાના છે કે નહીં તે અંગેની વિગત અરજીપત્રમાં સ્પષ્ટ રીતે જણાવવાની રહેશે. આ મુજબ પરીક્ષામાંથી મુક્તિ મેળવી હોય તેવા ઉમેદવારો જો ગાંધીવિચારની પરીક્ષામાં ઉત્તીર્ણ હોય તો તેમને ગાંધી- વિચારની પરીક્ષાને આધારે અગ્રિમતા આપી યુ.જી.સી. JRF/ NET/ SLET ઉત્તીર્ણ ઉમેદવારોને M.Phil./Ph.D.ની જગ્યાઓમાં પ્રવેશ આપવાનો રહેશે. તેમ છતાં જો ઉમેદવાર સ્વેચ્છાએ વિષયસંબંધિત પરીક્ષા આપે તો તે પરીક્ષાનું પરિણામ અંતિમ ગણાશે.

5.10 M.Phil./Ph.D.ના પ્રવેશ માટે જો વિદ્યાર્થીને પ્રવેશ ફાળવ્યા પછી જરૂરી સમયમર્યાદામાં ફી ભરીને પ્રવેશ ન મેળવે તો અગ્રતાક્રમ યાદીમાં તે પછી આવનારા વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો રહેશે.

5.11 M.Phil./Ph.D.માં નોધાયેલ વિદ્યાર્થીઓના નામ, સંશોધન વિષય, માર્ગદર્શક-સહમાર્ગદર્શક તથા પ્રવેશ/નોંધણીની તારીખ દર્શાવતી વર્ષવાર સૂચિ વેબસાઈટ પર મૂકવાની રહેશે. (સ્રોત UGC 5.6)

**6. માર્ગદર્શકની પસંદગી અને નિયુક્તિઃ**

6.1 લેખિત પરીક્ષાના પરિણામને આધારે યોગ્યતા મુજબ પ્રવેશયોગ્ય ઉમેદવારોને પત્ર દ્વારા પરિણામની જાણ કરવાની રહેશે. પત્ર મળ્યેથી ઉમેદવારે સૂચિત સમયે વિદ્યાપીઠમાં રૂબરૂ મુલાકાત માટે સંબંધિત પ્રમાણપત્રોની મૂળ નકલો સાથે આવવાનું રહેશે. રૂબરૂ મુલાકાત દરમિયાન ઉમેદવારનાં સંશોધન જ્ઞાન-કૌશલ્યો તથા રસની સાથે સાથે પ્રમાણપત્રો પણ તપાસવાનાં રહેશે. પ્રમાણપત્રોને આધારે ઉમેદવાર/વિદ્યાર્થી દ્વારા અગાઉ આપવામાં આવેલ માહિતીમાં જો કોઈ ક્ષતિ પુરવાર થશે, તો તે ઉમેદવાર/ વિદ્યાર્થીનો પ્રવેશ રદ થશે.

6.2 વ્યક્તિગત રૂબરૂ મુલાકાત પછી ડીન, વિભાગીય અધ્યક્ષ, માર્ગદર્શકો (M.Phil./Ph.D. કક્ષાએ માર્ગદર્શન આપતા સંબંધિત વિભાગના બધા જ માર્ગદર્શકોની સમિતિ-વિભાગીય માર્ગદર્શક સમિતિ-Departmental Board of Supervisors–DBoS) અને ઉમેદવારોની હાજરીમાં, સલાહ-મસલત દ્વારા માર્ગદર્શકોની અંતિમ પસંદગી અને ફાળવણી કરવાની રહેશે. આ પૂર્વે માર્ગદર્શકો અને ઉમેદવારોએ પરસ્પર સંશોધન રસવિષયક પરિચય આપવાનો રહેશે. ત્યારબાદ અગ્રતાક્રમને આધારે માર્ગદર્શકની પસંદગી કરવાની રહેશે. વિભાગીય અધ્યક્ષે સમગ્ર કાર્યવાહીની નોંધ, સંબંધિત વિદ્યાશાખાના ડીન મારફતે, કુલસચિવને મોકલવાની રહેશે. જેને આધારે પરીક્ષા વિભાગ પ્રવેશયોગ્ય ઉમેદવારોને પ્રવેશ-આદેશ મોકલશે. પ્રવેશ-આદેશને આધારે ઉમેદવારે નિર્ધારિત સમયમાં ફી ભરવાની રહેશે.

6.3 M.Phil./Ph.D.માં પ્રવેશ માટેની ખાલી જગ્યાઓની જે રીતે ગણતરી કરવામાં આવી હતી, અને ખાલી જગ્યાઓની જે સંખ્યા જાહેરનામામાં પ્રગટ કરવામાં આવી હતી, બરાબર તે રીતે જ સંખ્યામાં જગ્યાઓ ભરવાની રહેશે.

7 M.Phil./Ph.D.ના અભ્યાસક્રમનું સ્વરૂપ અને અભ્યાસકાર્ય (Course Work):

7.1 M.Phil./Ph.D.ના દરેક વિદ્યાર્થીએ પ્રથમ સત્રના સમયગાળામાં (ઓછામાં ઓછી આઠ

ક્રેડિટ અને વધુમાં વધુ ૧૬ ક્રેડિટ) અભ્યાસકાર્યનું વર્ગકાર્ય પૂર્ણ કરવાનું રહેશે. જો તે તેમાં નિષ્ફળ રહે પ્રવેશ આપોઆપ રદ ગણાશે. અભ્યાસકાર્યની પરીક્ષામાં પ્રથમ સત્રમાં અનુત્તીર્ણ થાય અથવા કોઈપણ કારણસર અનુપસ્થિત રહે તો તેને બીજા સત્રમાં પરીક્ષામાં ઉપસ્થિત થવાની તક મળશે. જો વિદ્યાર્થી બીજા સત્ર/પ્રયત્નમાં પણ અનુત્તીર્ણ થાય કે અનુપસ્થિત રહે તો તેનો પ્રવેશ આપોઆપ રદ ગણાશે. (સ્રોત UGC 7.1 and 7.5) અભ્યાસકાર્યના અભ્યાસક્રમમાં નીચેની બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

I સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ – 4 ક્રેડિટ (પરીક્ષણઃ 100 ગુણ લેખિત)

II સંશોધનમાં કમ્પ્યૂટરનું ઉપયોજન - 2 ક્રેડિટ (પરીક્ષણઃ 25 ગુણ લેખિત તથા 25 ગુણ પ્રાયોગિક) આ પ્રશ્નપત્રના અભ્યાસક્રમની રચના તથા તેના મૂલ્યાંકનનું આયોજન યુનિવર્સિટી કક્ષાએ કરવાનું રહેશે.

III સંબંધિત વિષયક્ષેત્રમાં સાંપ્રત સંશોધન વિષયક, બૌદ્ધિક મિલકત અધિકારો (IPR), સાહિત્યચોરી (Plagiarism), માહિતીખનન (Data mining) - 2 ક્રેડિટ (પરીક્ષણઃ 50 ગુણ)

7.2 M.Phil./Ph.D. કક્ષાએ સંબંધિત વિષયોના જૂથ પ્રમાણે કમ્પ્યૂટર ઉપયોજનના વર્ગો લેવાનું આયોજન, જે તે વિદ્યાશાખાના ડીનએ કરવાનું રહેશે.

7.3 સત્રાંતે, 7.1માં દર્શાવેલા દરેક વિષયની પરીક્ષામાં વિદ્યાર્થીએ ઉત્તીર્ણ થવા માટે ઓછામાં ઓછા 5.5 ગ્રેડ મેળવવાનો રહેશે. અભ્યાસકાર્યની પરીક્ષામાં ઉત્તીર્ણ ન થનાર વિદ્યાર્થીને બીજા સત્રના અંતે એક વધારાની તક આપવાની રહેશે. બીજા સત્રને અંતે અભ્યાસકાર્યની આપેલી પરીક્ષામાં પણ પાસ ન થનાર વિદ્યાર્થીનો પ્રવેશ આપોઆપ રદ થશે. અભ્યાસકાર્યના પરિણામની ફેરતપાસ કરવી શકશે.

7.4 એમ.ફિલ.(અનુપારંગત)માં ઉત્તીર્ણ થયેલા પીએચ.ડી.ના વિદ્યાર્થીને અભ્યાસકાર્યમાંથી મુક્તિ આપવાની રહેશે. (સ્રોત UGC 7.6)

7.5 પ્રત્યેક વિદ્યાશાખાના વિભાગની વિભાગીય માર્ગદર્શક સમિતિએ (Departmental Board of Supervisors – DBoS) Ph.D. માર્ગદર્શક હોય તેવા ઓછામાં ઓછા દસ અને વધુમાં વધુ વીસ નામની એક યાદી ત્રણ વર્ષના સમયગાળા માટે કુલનાયકશ્રીને આપવાની રહેશે. સંશોધન પ્રસ્તાવની તપાસ માટે તજ્જ્ઞોની આ યાદીમાંથી કુલનાયક બે તજ્જ્ઞોના નામ પસંદ કરશે. M.Phil./Ph.D.ના પ્રત્યેક વિદ્યાર્થી માટે એક સંશોધન માર્ગદર્શક સમિતિ નિયુક્ત કરવાની રહેશે (સ્રોત UGC 8). પ્રથમ સત્ર દરમિયાન સંશોધન સલાહકાર સમિતિ (Research Advisory Committee – RAC) સમક્ષ M.Phil./Ph.D.ના વિદ્યાર્થીએ સંશોધન પ્રસ્તાવની રજૂઆત કરવાની રહેશે.

7.6 સંશોધન સલાહકાર સમિતિમાં નિમ્નલિખિત સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે.

i. માર્ગદર્શક - કન્વિનર

ii સહમાર્ગદર્શક – સભ્ય (જો હોય તો)

iii બે વિષય નિષ્ણાતો – સભ્ય (તજજ્ઞોની સૂચિમાંથી કુલનાયક દ્વારા પસંદ થયેલ)

iv વિદ્યાશાખાના ડીન – સભ્ય

v. વિભાગીય અધ્યક્ષ

માર્ગદર્શકની અનુપસ્થિતિમાં વિભાગીય અધ્યક્ષ કન્વિનર રહેશે.

7.7 સંશોધન સલાહકાર સમિતિનાં કાર્યો /જવાબદારીઓ નીચે મુજબ રહેશે.

i. સંશોધન પ્રસ્તાવને તપાસીને સંશોધન વિષયને આખરી સ્વરૂપ આપવું.

ii. સંશોધનનું પદ્ધિતશાસ્ત્ર તથા અભ્યાસયોજના વિકસાવવામાં સંશોધકને માર્ગદર્શન પૂરું પાડવું. સંશોધન અંતર્ગત સંશોધકે હાથ ધરવાનાં કાર્ય નક્કી કરવામાં મદદરૂપ થવું.

iii. શોધકાર્યમાં થયેલ પ્રગતિની સમયાંતરે સમીક્ષા કરવામાં સંશોધકને મદદરૂપ થવું.

7.8 સંશોધન પ્રસ્તાવ (Research Design)નું મૂલ્યાંકન સંશોધન સલાહકાર સમિતિ (RAC) દ્વારા હાથ ધરવામાં આવશે. સંશોધન સલાહકાર સમિતિ સંશોધન પ્રસ્તાવનો સ્વીકાર કરશે/સુધારા સૂચવશે/ અસ્વીકાર કરશે.

7.9 સંશોધન સલાહકાર સમિતિ (RAC) સમક્ષ સંતોષકારક દેખાવ ન કરનારા વિદ્યાર્થીને ત્રણ માસ પછી અને વધુમાં વધુ છ માસના સમયગાળામાં પોતાના સંશોધન પ્રસ્તાવને સુધારીને પુનઃ રજૂ કરવા માટેની એક તક આપવાની રહેશે. સંશોધન પ્રસ્તાવની પુનઃ તપાસ માટે કુલનાયક તજજ્ઞોના નામની સમગ્ર સૂચિમાંથી પુનઃ કોઈ પણ બે નામ પસંદ કરશે. (પ્રથમ તપાસ વખતે જે નામ હતા તે જ વધુ ઇચ્છનીય છે). આ સમયગાળામાં પુનઃ સંશોધન પ્રસ્તાવ રજૂ ન કર્યો હોય અથવા સંશોધન પ્રસ્તાવ અસ્વીકાર્ય બન્યો હોય તેવા વિદ્યાર્થીનો પ્રવેશ આપોઆપ રદ થશે.

7.10 સંશોધન બાબતે થયેલ પ્રગતિની એક પ્રસ્તુતિ (Presentation) તૈયાર કરીને માર્ગદર્શન મેળવવાના ઉદ્દેશ્યથી સંશોધકે દર છ માસે એક વાર સંશોધન સલાહકાર સમિતિ સમક્ષ હાજર થવાનું રહેશે. સંશોધન સલાહકાર સમિતિ (RAC)એ તૈયાર કરેલા છ માસના પ્રગતિ અહેવાલની બે નકલો પૈકી એક નકલ પરીક્ષા વિભાગને અને એક નકલ વિદ્યાર્થીને આપવાની રહેશે. (સ્રોત UGC 8.2).

**8 નોંધણીઃ**

M.Phil./Ph.D.ની તમામ પ્રવેશપ્રક્રિયા પૂર્ણ કરી, પ્રવેશ-આદેશને આધારે ફી ભરનારા વિદ્યાર્થીની નોંધણી કરવાની રહેશે. અભ્યાસકાર્યમાં ઉત્તીર્ણ થયા હોય તેમ જ જેનો સંશોધન પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો હોય તેવા વિદ્યાર્થી પોતાનું શોધકાર્ય ચાલુ રાખી શકશે. પ્રથમ સત્રના અંતે પ્રથમ તક વખતે અભ્યાસકાર્યમાં

અનુત્તીર્ણ થયા હોય પણ તેમનો સંશોધન પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો હોય તેવા વિદ્યાર્થી પોતાનું શોધકાર્ય ચાલુ રાખી શકશે. આવા વિદ્યાર્થી માટે અભ્યાસકાર્યની પરીક્ષા દ્વિતીય તક વખતે ઉત્તીર્ણ કરવી અનિવાર્ય રહેશે. અન્યથા તેવા વિદ્યાર્થીનો પ્રવેશ આપોઆપ રદ ગણવામાં આવશે.

**9 શિસ્ત, હાજરી અને પ્રગતિ અહેવાલઃ**

9.1 M.Phil./Ph.D.ના પ્રત્યેક નિવાસી વિદ્યાર્થીએ વિદ્યાપીઠના શિસ્ત અંગેના નિયમો અને પરંપરાઓને અચૂકપણે અનુસરી અને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નિયત કરેલ કાર્યક્રમોમાં ભાગ લેવો અનિવાર્ય રહેશે.

9.2 M.Phil./Ph.D.ના પ્રત્યેક વિદ્યાર્થીએ નોંધપોથીમાં માર્ગદર્શકને મળ્યાની તારીખ, સમય અને થયેલી ચર્ચા/કાર્યની વિગત સંક્ષિપ્તમાં નોંધવાની રહેશે અને તેમાં માર્ગદર્શક અને વિદ્યાર્થી બંનેએ હસ્તાક્ષર કરવાના રહેશે. વિદ્યાર્થીએ આ નોંધપોથી બે નકલમાં તૈયાર કરવાની રહેશે, જે પૈકીની એક નકલ માર્ગદર્શક પાસે અને એક નકલ વિદ્યાકીય શાખામાં સત્રના અંતે જમા કરાવવાની રહેશે

9.2.1 દરેક સત્રના અંતે વિદ્યાર્થીએ સત્ર દરમ્યાન કરેલા કામ તેમજ પછીના સત્રમાં કરવાના કામની વિગતો સંશોધન સલાહકાર સમિતિ સમક્ષ રજૂ કરવાની રહેશે. જો સંશોધન સલાહકાર સમિતિ(RAC)ને વિદ્યાર્થીના કામ અંગે સંતોષ ન થાય તો તે વિદ્યાર્થીનું જે તે સત્ર નામંજૂર કરી શકશે. આવી સ્થિતિમાં વિદ્યાર્થીએ જે તે સત્રમાં ફરીથી સંતોષકારક રીતે કામ કરીને સંશોધન સલાહકાર સમિતિ પાસે સત્ર મંજૂર કરાવવાનું રહેશે. (દા.ત. સંશોધન સલાહકાર સમિતિએ વિદ્યાર્થીનું ત્રીજુ સત્ર નામંજૂર કર્યું હોય તો ત્રીજા સત્રની ફી ફરીવાર ભરીને છ માસના ગાળાનું નવું ત્રીજુ સત્ર કામ કરી સંશોધન સલાહકાર સમિતિ પાસે મંજૂર કરાવવાનું રહેશે. ત્યારબાદ જ તે પછીના સત્રમાં જઈ શકશે.)

આ વિદ્યાર્થી હવે સાડા ત્રણ વર્ષ પછી જ નિબંધ જમા કરાવી શકશે. પણ કુલ સમયમર્યાદા ત્રણ વર્ષ તથા બીજા બે વર્ષથી વધુ સમય મળી શકશે નહી.

**10 માર્ગદર્શકની માન્યતાઃ**

10.1 નિયમ મુજબ પ્રાધ્યાપક Mphil./Ph.D.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શક તરીકે સીધી સેવા આપી શકશે.

10.2 સહપ્રાધ્યાપક અને મદદનીશ પ્રાધ્યાપક માટેઃ

- **i.** Ph.D.ની પદવી મેળવેલી હોવી જોઈએ.
- **ii.** સાંદર્ભિક સામાયિક (Referred Journal)માં પાંચ સંશોધન પત્રો પ્રકાશિત થયેલા હોવા જોઈએ.
- **iii.** અનુપારંગત(M.Phil.) કક્ષાએ ત્રણ વર્ષનો શૈક્ષણિક/સંશોધન કાર્યનો અનુભવ મેળવેલો હોવો જોઈએ.

અથવા

પારંગત કક્ષાએ ચાર વર્ષનો શૈક્ષણિક/સંશોધન કાર્યનો અનુભવ મેળવેલ હોવો જોઈએ.

અથવા

સ્નાતક કક્ષાએ છ વર્ષનો શૈક્ષણિક/ સંશોધન કાર્યનો અનુભવ હોવો જોઈએ.

અથવા

એક મુખ્ય શોધ પ્રકલ્પ (મેજર રીસર્ચ પ્રોજેક્ટ) અથવા બે લઘુશોધ પ્રકલ્પ (માઈનર રીસર્ચ પ્રોજેક્ટ) રજૂ કરેલા હોવા જોઈએ.

નોંધઃ

- **I.** સંશોધન વિષયક પુસ્તક-પ્રકાશનને માર્ગદર્શક તરીકેનાં ધોરણોમાં ગણતરીમાં લેવામાં આવશે. (યુ.જી.સી. સૂચિત પ્રકાશક દ્વારા પ્રકાશિત)
- **II.** વિજ્ઞાન વિદ્યાશાખા માટે રૂપિયા પાંચ લાખ કે તેથી વધુ, અન્ય વિદ્યાશાખામાટે ત્રણ લાખ કે તેથી વધુ રકમના પ્રોજેક્ટને મેજર રીસર્ચ પ્રોજેક્ટ તથા એકથી ત્રણ લાખ સુધીની રકમના પ્રોજેક્ટને દરેક વિદ્યાશાખા માટે માઇનોર રીસર્ચ પ્રોજેક્ટ તરીકે ગણતરીમાં લેવામાં આવશે (UGC Regulations 2016).
- **III.** સંશોધન પત્રમાં પ્રથમ લેખક કે પત્રવ્યવહાર લેખક તરીકે નામ અને સ્પષ્ટીકરણ હશે, તો જ તે સંશોધન માર્ગદર્શક તરીકેના ધોરણોમાં ગણતરીમાં લેવામાં આવશે.
- **IV.** પરિસંવાદ/પરિષદમાં રજૂ થયેલ સંશોધનપત્ર જો આયોજક ISBN ધરાવતા પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરે, તો તે સંશોધનપત્ર તરીકે ગણાશે.

10.3 ગૂજરાત વિદ્યાપીઠમાં પૂર્ણ સમયના કાયમી અધ્યાપક તરીકે નિયુક્ત થયેલને જ સંશોધન માર્ગદર્શક તરીકે નિયુક્ત કરી શકાશે. (સ્રોત UGC 6.2)

10.4 આંતરવિદ્યાકીય અભિગમ આધારિત સંશોધનના કિસ્સામાં વિભાગને બાહ્ય માર્ગદર્શનની આવશ્યકતા જણાય, તો તેવા કિસ્સામાં માર્ગદર્શક તરીકે પોતાના વિભાગમાં Ph.D.ના માર્ગદર્શક તરીકેની માન્યતા ધરાવતા અધ્યાપકને માર્ગદર્શક તરીકે નિયુક્ત કરી; અન્ય વિભાગ/યુનિવર્સિટી/સંસ્થામાં કાયમી નિમણૂક થયેલ એવા વ્યક્તિને સહમાર્ગદર્શક તરીકે નિયુક્ત કરી શકાશે. (સ્રોત UGC 6.4)

### 11. M.Phil./Ph.D.ના **વિદ્યાર્થીની સંખ્યાઃ**

11.1 કોઈ પણ સમયે પ્રાધ્યાપક કક્ષાના માર્ગદર્શક/સહમાર્ગદર્શક, વિદ્યાપીઠના કે વિદ્યાપીઠ સિવાયની યુનિવર્સિટીના કુલ મળીને ત્રણ M.Phil. અને આઠ Ph.D.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકે. તે જ રીતે સહપ્રાધ્યાપક કુલ મળીને બે M.Phil. અને છ Ph.D.ના

વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકે. તે જ રીતે મદદનીશ પ્રાધ્યાપક કુલ મળીને એક M.Phil. અને ચાર Ph.D.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકે (સ્રોત UGC 6.5).

12. M.Phil./Ph.D.ના **માર્ગદર્શકની ફેરબદલી/સહમાર્ગદર્શકની નિમણૂકઃ**

12.1 કોઈક કારણોસર વિદ્યાર્થીને માર્ગદર્શકની સેવાઓ ઉપલબ્ધ થતી ન હોય તો વિદ્યાર્થી સંશોધન સલાહકાર સમિતિ (RAC) દ્વારા કુલસચિવને અન્ય માર્ગદર્શક/ સહમાર્ગદર્શકની નિમણૂક માટે અરજી કરી શકશે.

12.2 લગ્ન કે અન્ય કોઈ કારણથી મહિલા વિદ્યાર્થી જો પોતાનું શોધકાર્ય અન્ય કોઈ વિશ્વવિદ્યાલયમાં તબદીલ કરવા ઈચ્છે, તો તેમ કરવાની તેને છૂટ આપવાની રહેશે. અલબત્ત આ શોધકાર્ય કોઈ અનુદાનિત સંસ્થાના માર્ગદર્શન હેઠળ કે વિદ્યાપીઠના કોઈ અનુદાનિત પ્રકલ્પ સ્વરૂપનું ન હોય તે આવશ્યક છે. આ પ્રકારના કિસ્સામાં થયેલ કાર્યમાં મળેલ માર્ગદર્શન બદલ મહિલા વિદ્યાર્થી મૂળ સંસ્થા/માર્ગદર્શક પ્રત્યે સૌજન્ય દાખવશે. (સ્રોત UGC 6.6)

13. M.Phil./Ph.D.ના **માર્ગદર્શક દ્વારા વિદ્યાર્થીને ગેરલાયક ઠેરવવો/ વિદ્યાર્થીની નોંધણી રદ કરવી:**

13.1 પોતાની પાસે માર્ગદર્શન મેળવતા વિદ્યાર્થીની નામનોંધણી રદ કરવા માટેનાં કારણો જેવા કે લાંબા સમય સુધી કાર્ય ન કરવું, નિયમિત રીતે માર્ગદર્શકને ન મળવું અને શોધકાર્યમાં સંતોષકારક પ્રગતિ ન કરવી વગેરે ગંભીર કિસ્સા સંશોધન સલાહકાર સમિતિ (RAC)ને દર્શાવીને માર્ગદર્શકે કુલસચિવ મારફત વિદ્યાકીય શાખાને લેખિત જાણ કરવાની રહેશે..

13.2 સંશોધન સલાહકાર સમિતિની તપાસમાં જો વિદ્યાર્થીની પ્રગતિ સંતોષકારક ન જણાય તો સમિતિ તે અંગેનાં કારણો તપાસી સુધારલક્ષી સૂચનો કરશે. આ સૂચનોને અનુસરવામાં વિદ્યાર્થી નિષ્ફળ જાય તો ચોક્કસ કારણો દર્શાવીને સમિતિ કુલસચિવને નોંધણી રદ કરવા માટેની ભલામણ કરશે. (સ્રોત UGC 8.3).

14. M.Phil./Ph.D.ના **સંશોધન વિષયમાં ફેરફારઃ**

કોઈ કિસ્સામાં વિદ્યાર્થી પોતાના શોધકાર્યનો વિષય બદલવા ઇચ્છતો હોય તો નોંધણી પછીના એક વર્ષના સમયગાળા સુધીમાં ફક્ત એક વાર માર્ગદર્શકની સંમતિ, કુલનાયકશ્રીની મંજૂરી અને **સંશોધન સલાહકાર સમિતિ** (RAC)**ની ભલામણ**થી તેમ કરી શકશે. બદલાયેલા વિષયના સંશોધન પ્રસ્તાવની મંજૂરી મેળવવાની રહેશે.

15. M.Phil./Ph.D.ના **શોધનિબંધના શીર્ષકમાં ફેરફારઃ**

કોઈ કિસ્સામાં વિદ્યાર્થી પોતાના શોધનિબંધના શીર્ષકને બદલવા ઇચ્છતો હોય અને આ પ્રકારનો ફેરફાર નિબંધની વિષયવસ્તુને વધુ સારી રીતે રજૂ કરતો હોય અને નોંધણી થયેલા વિષયના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સમાયેલો હોય, તો નોંધણી પછીના એક વર્ષના સમયગાળા સુધીમાં ફક્ત એક વાર માર્ગદર્શકની સંમતિ, કુલનાયકશ્રીની મંજૂરી અને સંશોધન સલાહકાર સમિતિ (RAC)ની ભલામણથી તેમ કરી શકશે.

16. M.Phil./Ph.D.નો **મુદતવધારો**

16.1 M.Phil.નો અભ્યાસક્રમ, અભ્યાસકાર્ય (કોર્સવર્ક) સહિત ઓછામાં ઓછો 2 સત્ર(એક સત્ર એટલે 6 માસનો સમયગાળો)નો અને વધુમાં વધુ 4 સત્રનો રહેશે. પછીનાં બે સત્રો માટે મુદતવધારો, પ્રગતિ અહેવાલ તથા માર્ગદર્શકની ભલામણ અને સંશોધન માર્ગદર્શક સમિતિ (RAC)ની ભલામણ**ના** આધારે આપવાનો રહેશે. આ મુદતવધારાની મંજૂરી વિદ્યાસભા પાસે લેવાની રહેશે. મુદત વધારા દરમિયાન અભ્યાસના સમયગાળામાં પ્રત્યેક સત્રની ફી ભરવાની રહેશે (સ્રોત UGC 4.2).

16.2 Ph.D.નો અભ્યાસક્રમ, અભ્યાસકાર્ય (કોર્સવર્ક) સહિત ઓછામાં ઓછો 6 સત્ર (એક સત્ર એટલે છ માસનો સમયગાળો)નો અને વધુમાં વધુ 12 સત્રનો રહેશે. પછીનાં બે સત્રો માટે મુદતવધારો, પ્રગતિ અહેવાલ તથા માર્ગદર્શકની ભલામણ અને સંશોધન સલાહકાર સમિતિ (RAC)ની ભલામણના આધારે આપવાનો રહેશે. આ મુદત વધારાની મંજૂરી વિદ્યાસભા પાસે લેવાની રહેશે. મુદત વધારા દરમિયાન અભ્યાસના સમયગાળામાં પ્રત્યેક સત્રની ફી ભરવાની રહેશે (સ્રોત UGC 4.2).

16.3 M.Phil./Ph.D.ના પ્રવેશથી લઈને મળેલ મહત્તમ સમયગાળામાં પણ શોધ નિબંધ પૂર્ણ ન થાય તો મહિલા વિદ્યાર્થી કે 40 ટકાથી વધુ શારીરિક અક્ષમ વિદ્યાર્થીના કિસ્સામાં M.Phil./Ph.D.માં એક વર્ષ/બે વર્ષનો મુદત વધારો આપવાનો રહેશે. મહિલા વિદ્યાર્થીને M.Phil. /Ph.D.ના સંપૂર્ણ અભ્યાસક્રમ દરમિયાન એક વખત 240 દિવસ સુધીની મર્યાદામાં પ્રસૂતિ/બાળ સંભાળ રજા (મેટર્નિટી/ચાઈલ્ડ કેર લીવ) મળવાપાત્ર રહેશે (સ્રોત UGC 4.4).

**17. ફીની ચૂકવણી:**

M.Phil./Ph.D. કક્ષાએ સત્ર શરૂ થયાના એક માસના સમયગાળામાં વિદ્યાર્થીએ નિયત ફી ભરવાની રહેશે. નિયત સમયમાં ફી ન ભરનાર વિદ્યાર્થીએ બમણી ફી વધુમાં વધુ જે તે સત્રના અંત સુધી ભરીને પોતાનો પ્રવેશ ચાલુ રાખી શકશે. આગળના સત્રની ફી ભરાયાની ખાતરી થયા બાદ જ પછીના સત્રની ફી ભરી શકાશે.

સળંગ બે સત્રોની ફી ન ભરનાર વિદ્યાર્થીનો પ્રવેશ આપોઆપ રદ થયેલો ગણાશે. અભ્યાસના સમગ્ર સમય દરમ્યાનના તમામ સત્રની ફી સમયે સમયે ભરવાની રહેશે.

18. M.Phil./Ph.D.ના **શોધકાર્યમાં પ્રગતિ અને શોધનિબંધની સોંપણી પૂર્વેનો પરિસંવાદ:**

18.1 દરેક વિદ્યાર્થીએ પોતાના શોધકાર્યમાં થયેલ પ્રગતિની રજૂઆત ઓછામાં ઓછી બે વાર વિભાગીય પરિસંવાદોમાં કરવાની રહેશે. સંબંધિત વિભાગે આ ઉદ્દેશ્ય અનુસાર આવશ્યકતા મુજબ સમયાંતરે પરિસંવાદ યોજવાના રહેશે. આ પરિસંવાદમાં સંશોધન સલાહકાર સમિતિના સભ્યો, વિભાગીય માર્ગદર્શક સમિતિના સભ્યો, અધ્યાપકો, સંશોધક વિદ્યાર્થીઓ તથા સંશોધનમાં રસ ધરાવનાર સૌ કોઈ ઉપસ્થિત રહી શકે તે માટે ઓછામાં ઓછા આઠ દિવસ પૂર્વે વિભાગ દ્વારા તેની લેખિત જાહેરાત કરવાની રહેશે. (સ્રોત UGC

9.3) બે રજૂઆતો પૈકી શોધનિબંધ સુપરત કરવાના ત્રણ માસ અગાઉ સોંપણી પૂર્વેના પરિસંવાદમાં વિદ્યાર્થીએ પોતાના સંશોધનની એક વાર રજૂઆત કરવાની રહેશે.

18.2 શોધકાર્યની ગુણવત્તા અંગેના તટસ્થ નિર્ણય માટે, શોધનિબંધ સુપરત કરતા પહેલાં વિદ્યાર્થીએ તે અંગે M.Phil. કક્ષાએ ઓછામાં ઓછું એક સંશોધનપત્ર પરિસંવાદ/ પરિષદ (સેમિનાર/કોન્ફરન્સ)માં રજૂ કરેલ હોવું જોઈએ અને Ph.D. કક્ષાએ ઓછામાં ઓછા બે સંશોધનપત્ર પરિસંવાદ/પરિષદ (સેમિનાર/કોન્ફરન્સ)માં રજૂ કરેલ હોવા જોઈએ અને એક સંશોધનપત્ર UGC સૂચિત સંશોધન સામયિક(Referred Journal)માં પ્રકાશિત થયેલ હોવું જોઈએ. પ્રકાશન અંગેના સ્વીકૃતિપત્રના રૂપમાં શોધપત્રના સ્વીકારનો પુરાવો રજૂ કરવાનો રહેશે (સ્રોત UGC 9.4).

18.3 શોધનિબંધ સુપરત કરવાના બે માસ પૂર્વે શોધનિબંધના સારની 06 નકલો શોધનિબંધની ભાષામાં તથા 04 નકલો હિંદી/અંગ્રેજી ભાષામાં વિદ્યાર્થીએ રજૂ કરવાની રહેશે. શોધનિબંધ ગુજરાતી સિવાયની ભાષામાં હોય તો શોધનિબંધના સારની વધારાની 02 નકલો ગુજરાતી ભાષામાં રજૂ કરવાની રહેશે.

18.4 શોધનિબંધના સાર(Synopsis)ની નકલો વિભાગમાં જમા કરાવ્યાની તારીખથી વધુમાં વધુ બે માસના સમયગાળામાં શોધનિબંધ પરીક્ષા વિભાગમાં રજૂ કરવાનો રહેશે. આ શરતનું પાલન ન કરનાર વિદ્યાર્થીએ શોધનિબંધ રજૂ કરવા માટે સ્થાયી સમિતિની પરવાનગી લેવાની રહેશે.

18.5 શોધનિબંધની તપાસ માટે બહારના ઓછામાં ઓછા છ તજજ્ઞો (Ph.D.ના માર્ગદર્શક હોય તેવા)નાં નામની સૂચિ સંશોધન સલાહકાર સમિતિ મારફતે કુલનાયકશ્રીને આપવાની રહેશે. છ તજજ્ઞો પૈકીના ઓછામાં ઓછા બે તજજ્ઞો શક્ય અને અનુકૂળ હોય તો રાજ્ય કે રાષ્ટ્ર બહારના નક્કી કરવા.

19. M.Phil./Ph.D.ના **શોધનિબંધનું માળખું:**

19.1 વિદ્યાર્થી પોતાની માતૃભાષામાં અથવા હિંદી/અંગ્રેજી ભાષામાં શોધનિબંધ રજૂ કરી શકશે.

19.2 વિદ્યાર્થી તથા તેના માર્ગદર્શકનું શોધનિબંધની ભાષા પર પ્રભુત્વ હોવું અનિવાર્ય છે.

19.3 મહાનિબંધના ટાઈપિંગમાં ગુજરાતી, હિન્દી માટે યુનિકોડ ('શ્રુતિ', 'મંગલ' વ યુનિકોડ) ફોન્ટ તથા અંગ્રેજી માટે ટાઈમ્સ ન્યુ રોમનનો જ ઉપયોગ કરવાનો રહેશે. શોધનિબંધનું માળખું પરિશિષ્ટ-4 માં દર્શાવ્યા મુજબનું રહેશે.

20. M.Phil./Ph.D.ના **શોધનિબંધની સોંપણીઃ**

20.1 શોધનિબંધ સાથે સાહિત્યસમાનતા (Plagiarism) સંબંધિત પ્રમાણપત્ર, માર્ગદર્શક પાસે લેવાનું રહેશે. શોધનિબંધની સોફ્ટ કોપી (CDમાં) શોધનિબંધ સાથે જમા કરાવવાની રહેશે.

20.2 પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી પ્રથમ વખત ફી ભર્યાની તારીખથી એમ.ફિલ. માટે ઓછામાં ઓછા બે સત્ર અને પીએચ.ડી. માટે ઓછામાં ઓછા છ સત્રના સમયગાળા બાદ શોધનિબંધ જમા કરાવી શકાશે.

20.3 પરિશિષ્ટ-5 મુજબ વિદ્યાર્થી તથા માર્ગદર્શકે પ્રમાણપત્ર આપવાનાં રહેશે.

20.4 નિયત પરીક્ષા ફી સાથે, વિદ્યાપીઠના કોઈ પણ વિભાગનું કંઈ પણ લેણું બાકી નથી તે અંગેનું પ્રમાણપત્ર (નિયત માળખા મુજબ) વિદ્યાર્થીએ રજૂ કરવાનું રહેશે..

20.5 વિદ્યાર્થીએ પરિશિષ્ટ-4 માં દર્શાવેલ માળખું મુજબ કાચી બાંધણી કરેલા શોધનિબંધની ચાર નકલો (બે નકલો પરીક્ષા વિભાગ માટે, એક નકલ માર્ગદર્શક માટે અને એક નકલ સંબંધિત વિભાગ માટે) વિદ્યાકીય શાખાને વિભાગ મારફત આપવાની રહેશે.

20.6 શોધનિબંધની સોંપણી બાદ અને મૌખિક પરીક્ષા(Viva Voce) પૂર્વે વિદ્યાપીઠ સિવાયના વિદ્યાર્થીઓએ પરીક્ષા વિભાગ દ્વારા આયોજિત યરવડા ચક્ર- પેટી રેંટિયા આધારિત એક કાંતણ કસોટી આપી તેમાં ઉત્તીર્ણ (30 મિનિટમાં 90 તાર) થવાનું રહેશે.

21.M.Phil./Ph.D.ના **શોધનિબંધનું મૂલ્યાંકનઃ**

21.1 વિદ્યાર્થી દ્વારા જમા કરાવવવામાં આવેલા શોધનિબંધને માર્ગદર્શકે તથા ઓછામાં ઓછા બે બાહ્ય પરીક્ષકોએ તપાસવાનો રહેશે (સ્રોત UGC 9.6) શોધનિબંધ જમા કરાવતા પહેલાં સંશોધન સલાહકાર સમિતિ (RAC) દ્વારા સૂચવાયેલાં છ નામ પૈકી કુલનાયક બે બાહ્ય તજજ્ઞોની પરીક્ષકો તરીકે નિમણૂક કરશે.

21.2 શોધનિબંધ તપાસ્યા પછી દરેક પરીક્ષકે પરીક્ષા પરીક્ષા નિયામકને લેખિત અહેવાલ આપવાનો રહેશે. મૂલ્યાંકનની સારરૂપ બાબતો પરિશિષ્ટ-6 મુજબ તૈયાર કરી અહેવાલ સાથે મોકલવાની રહેશે, જેમાં પોતાના મતાનુસાર સ્પષ્ટ ભલામણ કરવામાં આવી હશે કે,

શોધનિબંધનો સ્વીકાર કરી M.Phil./Ph.D.ની પદવી એનાયત કરવા માટે ભલામણ કરવામાં આવે છે.

અથવા

શોધનિબંધને સૂચના મુજબ સુધારીને છ માસમાં પુનઃ રજૂ કરવા માટે ભલામણ કરવામાં આવે છે. (પુનઃતપાસ માટે શોધનિબંધ તે જ પરીક્ષકને મોકલવાનો રહેશે.)

અથવા

શોધનિબંધનો અસ્વીકાર કરી M.Phil./Ph.D.ની પદવી એનાયત કરવા માટે ભલામણ કરવામાં આવતી નથી.

21.3 બાહ્ય પરીક્ષકોએ પરિશિષ્ટ-6 માં સૂચવેલા માળખા મુજબ નિબંધ મળ્યાની તારીખથી ત્રણ માસમાં પોતાનો મૂલ્યાંકન અહેવાલ મોકલવાનો રહેશે.

21.4 જો માત્ર એક જ પરીક્ષક શોધનિબંધનો અસ્વીકાર કરે તો નક્કી થયેલી નામની સૂચિમાંથી કુલનાયક દ્વારા નિયુક્ત થયેલા તૃતીય પરીક્ષકને તે મોકલવાનો રહેશે, જેનો નિર્ણય આખરી ગણાશે.

21.5 જો બંને પરીક્ષકો શોધનિબંધનો અસ્વીકાર કરે તો વિદ્યાર્થીને M.Phil./Ph.D.માં અનુત્તીર્ણ જાહેર કરવાનો રહેશે.

21.6 મૌખિક પરીક્ષા પૂર્વે પરીક્ષકો દ્વારા સૂચવાયેલા સુધારા-વધારા વિદ્યાર્થીએ શોધનિબંધમાં કરવાના રહેશે. આ માટે પરીક્ષા નિયામક, પરીક્ષકની ઓળખ પ્રગટ કર્યા સિવાય, સૂચવાયેલા સુધારા-વધારાની જાણ માર્ગદર્શક દ્વારા વિદ્યાર્થીને કરશે.

21.7 લેખિત અહેવાલ તથા મૌખિક પરીક્ષા(Viva) અંતર્ગત આવેલાં સૂચનો (જો કોઈ હોય તો) મુજબના ફેરફારો શોધનિબંધમાં કરીને પાકી બાંધણીવાળી ચાર નકલો (બે નકલો પરીક્ષા વિભાગ માટે, એક નકલ માર્ગદર્શક માટે અને એક નકલ સંબંધિત વિભાગ માટે) તથા સોફ્ટ કોપી (સીડી) મૌખિક પરીક્ષા પછી વિદ્યાર્થીએ પરીક્ષા નિયામકને આપવાની રહેશે. શોધનિબંધમાં સૂચવવામાં આવેલા ફેરફારો/સુધારા-વધારા સ્વચ્છતાપૂર્વક કાગળની બન્ને બાજુ ટાઈપ કરાવીને અગાઉનાં પૃષ્ઠોની જગ્યાએ મૂકવાના રહેશે. વિદ્યાર્થીએ સૂચિત બધા જ ફેરફારો/સુધારા-વધારા કર્યા છે તે મુજબનું પ્રમાણપત્ર સંબંધિત માર્ગદર્શકે/સહમાર્ગદર્શકે આપવાનું રહેશે. માર્ગદર્શક દ્વારા આપવામાં આવેલું આ મુજબનું પ્રમાણપત્ર શોધનિબંધના શીર્ષકપૃષ્ઠ (between Cover page and Title page)ની પૂર્વે ચોંટાડવાનું રહેશે.

**22. મૌખિક પરીક્ષા(Viva Voce)**

22.1 પરીક્ષકોના અહેવાલોને તપાસ્યા પછી, પરીક્ષકોએ નિબંધનો સ્વીકાર કર્યો છે તે મુજબનો કુલનાયકને સંતોષ થાય તો તે મૌખિક પરીક્ષા લેવાની ભલામણ કરશે.

22.2 M.Phil./Ph.D. કક્ષાએ શોધનિબંધ પરની મૌખિક પરીક્ષા જે તે વિદ્યાશાખાના ડીન અને વિભાગીય અધ્યક્ષે ગોઠવવાની રહેશે. આ માટે પરીક્ષા વિભાગ પરીક્ષકનું નામ વિભાગીય અધ્યક્ષ મારફતે માર્ગદર્શકને મોકલી આપશે. માર્ગદર્શક પરીક્ષક સાથે મસલત કરીને મૌખિક પરીક્ષાની તારીખ, સમય અને સંબંધિત વિગતો નક્કી કરીને વિભાગીય અધ્યક્ષ મારફતે પરીક્ષા નિયામકને મોકલી આપશે.

22.3 મૌખિક પરીક્ષા સંબંધિત વિભાગમાં લેવાની રહેશે, સિવાય કે કુલનાયક દ્વારા કોઈ અલગ સૂચના આપવામાં આવી હોય. પરીક્ષા નિયામકે મૌખિક પરીક્ષાની તારીખ, સમય અને અન્ય વિગતોનું જાહેરનામું બહાર પાડવાનું રહેશે. મૌખિક પરીક્ષાની તારીખથી ઓછામાં ઓછા આઠ(8) દિવસ પૂર્વે મૌખિક પરીક્ષાનું જાહેરનામું બહાર પાડવાનું રહેશે. સંબંધિત વિભાગના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને મૌખિક પરીક્ષામાં હાજર રહેવાની જાણ વિભાગીય અધ્યક્ષે કરવાની રહેશે.

22.4 નીચે મુજબના સભ્યોની બનેલી સમિતિ દ્વારા મૌખિક પરીક્ષા લેવામાં આવશે.

વિભાગીય અધ્યક્ષ - અધ્યક્ષ

બાહ્ય પરીક્ષકોમાંથી એક - સભ્ય

માર્ગદર્શક/સહમાર્ગદર્શક – સભ્ય / સભ્યો

સંબંધિત ડીન સભ્ય તરીકે હાજર રહી શકશે.

22.5 વિદ્યાર્થીએ મૌખિક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું રહેશે. પરીક્ષક, માર્ગદર્શકની હાજરીમાં તપાસ હેઠળની વિવિધ બાબતોને ધ્યાનમાં રાખી પ્રશ્નોત્તરી કરશે. ત્યાર બાદ સંબંધિત વિભાગના અધ્યાપકો તથા સંશોધન કાર્યમાં પ્રવૃત્ત વિદ્યાર્થીઓની સમક્ષ વિદ્યાર્થીએ જાહેર પરિસંવાદ આપવાનો રહેશે.

22.6 મૌખિક પરીક્ષામાં વિદ્યાર્થીના દેખાવને આધારે મૌખિક પરીક્ષા સમિતિએ નીચે મુજબની ભલામણ કરવાની રહેશે કે,

i વિદ્યાર્થીને M.Phil./Ph.D.ની પદવી એનાયત કરવામાં આવે. સૂચવવામાં આવેલા ફેરફારો \ સુધારા-વધારા (જો કોઈ હોય તો) પરિણામ પૂર્વે પૂર્ણ કરવામાં આવે.

અથવા

ii ત્રણ માસમાં પુનઃ મૌખિક પરીક્ષા ગોઠવવામાં આવે.

**23.** મૌખિક પરીક્ષાનો ઠરાવ અધ્યક્ષે પરીક્ષા નિયામકને મોકલવાનો રહેશે. પરીક્ષા નિયામકે ઠરાવને, કુલનાયકની આખરી માન્યતા માટે કુલસચિવને મોકલી આપવાનો રહેશે.

**જાહેરનામું:**

કુલસચિવ/કુલનાયકના નિર્ણયનો પત્ર પરીક્ષા નિયામકને સોંપશે. ઉત્તીર્ણ વિદ્યાર્થી માટે કુલસચિવના હસ્તાક્ષરથી જાહેરનામું બહાર પાડવાનું રહેશે. પાકી બાંધણીવાળા, સુધારેલા, સંવર્ધિત શોધનિબંધની ચાર નકલો તથા સોફ્ટ કોપી (સીડી) વિદ્યાર્થી પરીક્ષા વિભાગમાં રજૂ કરે તે પછી જ જાહેરનામું બહાર પાડવાનું રહેશે. M.Phil./Ph.D. કક્ષાએ શોધનિબંધની ત્રણ નકલો પૈકી એક નકલ જે તે વિભાગને પરિણામ જાહેર થયેથી પરીક્ષા વિભાગનો સિક્કો મારીને મોકલી આપવામાં આવશે.

**24. યુ.જી.સી.માં સોંપણીઃ**

24.1 M.Phil./Ph.D.ની પદવીનું જાહેરનામું પ્રગટ કર્યા પછીના ત્રીસ દિવસમાં, તમામ સંસ્થાઓ અને વિશ્વવિદ્યાલયો ઉપયોગમાં લઈ શકે તે હેતુથી ઇનફ્લિબનેટ (INFLIBNET) પર મૂકવા માટે, વિદ્યાપીઠે શોધનિબંધની સોફ્ટ કોપી યુ.જી.સી.ને મોકલવાની રહેશે.

24.2 M.Phil./Ph.D.ની પદવી એનાયત કરવાની પ્રક્રિયા અને લઘુતમ ધોરણો અંગેનો વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (UGC) અધિનિયમ - 2016 ની જોગવાઈ અનુસાર પદવીની જાહેરાત કરવામાં આવી છે તે મુજબનું એક પ્રમાણપત્ર વિદ્યાપીઠે વિદ્યાર્થીને આપવાનું રહેશે.

**25. પદવીદાનઃ**

ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી વિદ્યાપીઠના તે પછીના પદવીદાન સમારંભમાં M.Phil./Ph.D.ની પદવી મેળવવા માટે અરજી કરી શકશે. વિદ્યાપીઠનો પદવીદાન સમારંભ મહદંશે પ્રતિવર્ષ 18 ઑક્ટોબરના રોજ યોજવામાં આવે છે. ઉત્તીર્ણ વિદ્યાર્થીએ M.Phil./Ph.D.ની પદવી મેળવવા માટે અરજીપત્ર ભરવાનું રહેશે.

**26. અર્થઘટનઃ**

આ અધિનિયમમાં સમાવિષ્ટ કોઈ પણ કલમ કે જોગવાઈના સંદર્ભે, અર્થઘટનમાં કોઈ મતભેદ પેદા થાય, તો કુલનાયકનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

**27. વિશેષઃ**

0 5 જુલાઈ, 2016– M.Phil./Ph.D.ની પદવી એનાયત કરવાની પ્રક્રિયા અને લઘુતમ ધોરણો અંગેનો વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (UGC) અધિનિયમ - 2016 ના અસ્તિત્વમાં આવ્યાના દિવસથી આ અધિનિયમનો અમલ કરવાનો રહેશે. 0 5 જુલાઈ, 2016 પૂર્વે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને પ્રવેશ મેળવ્યાના સમયે પ્રવર્તમાન નિયમો લાગુ પાડવાના રહેશે સિવાય કે આ વિદ્યાર્થી M.Phil./Ph.D. અધિનિયમ – 2016 લાગુ પાડવા ઈચ્છતો હોય, આ અધિનિયમના અમલની સાથે આ સંબંધિત અગાઉના નિયમો રદ થયેલા ગણાશે.

**પરિશિષ્ટ-I**

M.Phil./ Ph.D. **ની નોંધણીની જાહેરાતનું માળખું**

# ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ

M.Phil./ Ph.D.**ની નોંધણી માટેની જાહેરાત**

ક્રમાંક. ગૂવિ./ વિદ્યાવાચ.- તા. / /20….

ગૂજરાત વિદ્યાપીઠના અનુસ્નાતક વિભાગોમાં M.Phil./ Ph.D. ના કાર્યક્રમમાં નોંધણી કરાવવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી આ સાથે અરજીઓ મંગાવવામાં આવે છે. M.Phil./ Ph.D.ની પદવી માટે વિદ્યાપીઠે ઘડેલા પ્રવેશ પરીક્ષાના અધિનિયમ અનુસાર આ નોંધણી કરવામાં આવશે. તા. / /20... થી ગૂજરાત વિદ્યાપીઠના મુખ્ય કાર્યાલયમાં ............રૂપિયા રોકડા/ઓનલાઈન અથવા બેન્ક ચલણ મારફતે ફી પેટે ભરીને સૂચિત અરજીપત્ર મેળવી શકાશે.

**સંપૂર્ણ રીતે ભરેલું અરજીપત્ર મોકલી આપવાની અંતિમ તારીખ ................. છે.**

**સૂચનાઓઃ** M.Phil./ Ph.D.

1. વિદ્યાશાખા/ વિષયવાર ખાલી જગ્યાઓની સ્થિતિ નીચે મુજબ છે.

| ક્રમ | વિષય | ખાલી જગ્યાની સંખ્યા | ક્રમ | વિષય | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| (1) | | | (8) | | |
| (2) | | | (9) | | |
| (3) | | | (10) | | |
| (4) | | | (11) | | |
| (5) | | | (12) | | |
| (6) | | | (13) | | |
| (7) | | | (14) | | |

2. M.Phil./ Ph.D. માં પ્રવેશ માટે પોતાની અરજી મોકલતા પહેલાં ખાલી જગ્યાની ઉપરોક્ત સ્થિતિ તપાસી લેવી.
3. પ્રવેશ લાયકાત, પ્રવેશ પરીક્ષાનું સ્વરૂપ તથા ફીના માળખા સંબંધિત માહિતી વિદ્યાપીઠના મુખ્ય કાર્યાલયમાંથી મેળવી શકાશે.
4. રૂબરૂમાં અરજીપત્ર મેળવવા ઇચ્છતા ઉમેદવારે ........... રૂપિયા ભરીને તે મેળવી શકશે.

5. વિદ્યાપીઠની વેબસાઈટ 'www.gujaratvidyapith.org' પરથી પણ અરજીપત્ર ડાઉનલોડ કરી શકાશે. સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, આશ્રમરોડ બ્રાન્ચનો કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠના નામનો ................ રૂપિયાનો ડિમાન્ડ ડ્રાફ્ટ અરજીપત્ર સાથે મોકલવાનો રહેશે.
6. વિવિધ કક્ષાઓમાં અનામત જગ્યાઓની જોગવાઈ અનામત અંગેના તત્કાલીન નિયમો અનુસાર કરવાની રહેશે.
7. જરૂરી દસ્તાવેજો સાથેનું ભરેલું અરજીપત્ર ઉમેદવારે ફક્ત ગૂજરાત વિદ્યાપીઠના મુખ્ય કાર્યાલયમાં આપવાનું રહેશે.
8. છેલ્લી તારીખ પછી મળેલાં અરજીપત્રો ધ્યાનમાં લેવામાં નહીં આવે.

**કુલસચિવ**
**ગૂજરાત વિદ્યાપીઠ**
**અમદાવાદ**

## પરિશિષ્ટ-II

## નોંધપોથીનું માળખું (બિનનિવાસી વિદ્યાર્થીઓ માટે)

## મુલાકાત નોંધ

1) વિદ્યાર્થીનું નામઃ
2) મુલાકાત ક્રમાંકઃ
3) માર્ગદર્શકને મળ્યાની તારીખઃ _ _ / _ _ / 20....
4) મળ્યાનો સમયગાળોઃ _ _ . _ _ થી _ _ . _ _ વાગ્યા સુધી

5) વિદ્યાર્થીએ તપાસ માટે રજૂ કરેલું લેખનકાર્યઃ

6) પૂર્વ મુલાકાત બાદ વિદ્યાર્થી દ્વારા શોધકાર્યમાં થયેલી પ્રગતિઃ

7) વિદ્યાર્થીએ હાથ ધરવાની કામગીરીઃ

8) આગામી મુલાકાતની તારીખઃ _ _ / _ _ / 20.... વારઃ સમયઃ _ _ . _ _

વિદ્યાર્થીના હસ્તાક્ષર

9) માર્ગદર્શકનાં સૂચનોઃ

માર્ગદર્શકનું નામઃ

માર્ગદર્શકના હસ્તાક્ષર

**પરિશિષ્ટ-III**

**પ્રગતિ અહેવાલનું માળખું**

**પ્રગતિ અહેવાલ**

1. **વિદ્યાર્થીનું નામઃ**
2. **વિભાગઃ**
3. M.Phil./Ph.D.**નો નોંધણીક્રમાંકઃ**
4. **નોંધણી તારીખઃ**
5. **શોધનિબંધનો વિષયઃ**
6. **માર્ગદર્શકનું નામઃ**
7. **અહેવાલનો સમયગાળોઃ તા. ____/ ___/ 20 થી તા. ____/ ___/ 20**
8. **અહેવાલનો સત્રકમાંકઃ**
9. **માર્ગદર્શકને મળ્યાની તારીખોઃ**
10. **વાંચેલાં પુસ્તકોની સૂચિઃ**

11. **પ્રત્યક્ષકાર્યનો અહેવાલ(સંસ્થા અને સ્થળોની વિગતો સહિત):**

12. **સંશોધન સંદર્ભે વ્યક્તિઓની લીધેલી મુલાકાતો (નામ અને હોદ્દા સહિત):**

13. **સત્ર દરમિયાન કરેલું કાર્યઃ**

**14. આગામી સત્રનું આયોજનઃ**

**તા. ____/ ___/ 20** **વિદ્યાર્થીની સહી**

---

સંશોધન સલાહકાર સમિતિ (RAC) **નો અભિપ્રાયઃ**

**તા. ____/ ___/ 20** **સંશોધન સલાહકાર સમિતિના સભ્યોની સહી**

---

**કુલસચિવની નોંધઃ**

**તા. ____/ ___/ 20** **કુલસચિવની સહી**

## પરિશિષ્ટ-IV

## M.Phil./ Ph.D. ના શોધનિબંધનું માળખું

શોધનિબંધનું માળખું નીચે પ્રમાણે રહેશે.

1. નકલો માટે સારી ગુણવત્તાવાળો કાગળ વાપરવાનો રહેશે. રજૂ કરવામાં આવનારા નિબંધના લખાણમાં કાળા-ભૂખરા કે એવા કોઈ પણ પ્રકારના ડાઘા વિનાની એકધારી ગુણવત્તાવાળી ઝેરોક્ષ નકલો કરાવવાની રહેશે.
2. બધી જ નકલોનું લખાણ A4 સાઈઝના સફેદ કાગળની એક જ બાજુ 1.5 લાઈન સ્પેસમાં ટાઈપ કરેલું હોવું જરૂરી છે.
3. ગુજરાતી, હિંદી લખાણ માટે યુનિકોડ ફોન્ડ (શ્રુતિ, મંગલ જેવા યુનિકોડ) અને અંગ્રેજી લખાણ માટે ટાઈમ્સ ન્યુ રોમન ફોન્ટના સંદર્ભે ઉપયોગમાં લેવાના ફોન્ટનું માપ નીચે દર્શાવ્યું છે.

| | | |
|---|---|---|
| i. | પ્રકરણ/ પરિશિષ્ટનું શીર્ષક | 14 પોઇંટ બોલ્ડ |
| ii. | શીર્ષક/ પેટા શીર્ષક | 12 પોઇંટ બોલ્ડ |
| iii. | પાઠ | 12 પોઇંટ |
| iv. | પાદટીપ | 9 પોઇંટ |
| v. | સંદર્ભસૂચિ | 12 પોઇંટ |

4. બાંધણી તરફ 1.5 ઇંચ જ્યારે અન્યત્ર 1 ઇંચનો માર્જિન છોડવાનો રહેશે.
5. પૃષ્ઠક્રમાંક, હેડર તથા ફુટરને માર્જિનની અંદર મૂકી શકાશે, પરંતુ કોઈપણ સંજોગોમાં તે પૃષ્ઠની ધારથી ઓછામાં ઓછું અર્ધો ઇંચ દૂર રહે તેમ મૂકવાનાં રહેશે.
6. શોધનિબંધના પ્રત્યેક પૃષ્ઠ (કોરા પૃષ્ઠ સહિત)ને ક્રમાંક આપવાના રહેશે. અલબત્ત, કોરા પૃષ્ઠ કે પ્રથમ પૃષ્ઠ પર પૃષ્ઠક્રમાંક છાપવાનો રહેશે નહીં. કોરા પૃષ્ઠ, પ્રસ્તાવના, અનુક્રમણિકા, સારણીસૂચિ, આકૃતિસૂચિ, પરિશિષ્ટસૂચિને રોમન લિપિમાં અલગથી ક્રમાંક આપવાના રહેશે. શોધનિબંધનાં પ્રકરણ, આકૃતિ, આલેખ, નકશા, સંદર્ભસૂચિ, પરિશિષ્ટ ઇત્યાદિ દરેકને સળંગ પૃષ્ઠક્રમાંક આપવાના રહેશે.
7. જ્યારે કોઈ આકૃતિ, આલેખ, નકશા કે લખાણને આડું (Landscape) મૂકવાનું થાય ત્યારે તેનો આધાર (Bottom) બાંધણીની સામેની ધાર તરફ રહે તે રીતે તેને ગોઠવવાનું રહેશે.
8. શોધનિબંધની પીઠ (Spine) પર પદવીનું નામ, શોધનિબંધના વિષયનું સંક્ષિપ્ત શીર્ષક અને વિદ્યાર્થીનું નામ મૂકવાનું રહેશે.

9. શોધનિબંધ જે ભાષામાં હોય તે ભાષામાં જ આવરણ પૃષ્ઠ (Cover Page) અને શીર્ષકપૃષ્ઠ

(Title Page)નું લખાણ રાખવાનું રહેશે. શીર્ષકપૃષ્ઠ (Title Page)ના પછીના ક્રમે વૈકલ્પિક ભાષામાં શીર્ષકપૃષ્ઠ પુનઃ રજૂ કરવાનું રહેશે. વૈકલ્પિક ભાષા નીચે મુજબ રહેશે.

| **નિબંધની ભાષા** | **વૈકલ્પિક ભાષા** |
|---|---|
| i. ગુજરાતી/હિન્દી | અંગ્રેજી |
| ii. અંગ્રેજી | ગુજરાતી/હિન્દી |
| iii. ગુજરાતી/હિન્દી સિવાયની કોઈ પણ ભારતીય ભાષા | અંગ્રેજી અને ગુજરાતી/હિન્દી આ કિસ્સામાં વધારાના એકને બદલે બે શીર્ષકપૃષ્ઠ મૂકવાના થશે. |
| iv. અંગ્રેજી સિવાયની કોઈ પણ વિદેશી ભાષા | ,, ,, |

10. શોધનિબંધના વિભિન્ન વિભાગોનો ક્રમ આ પ્રમાણે રહેશે.

    i. આવરણ પૃષ્ઠ(પાકું)
    ii. કોરું પૃષ્ઠ
    iii. શોધનિબંધની ભાષામાં શીર્ષકપૃષ્ઠ
    iv. વૈકલ્પિક ભાષા/ભાષાઓમાં શીર્ષકપૃષ્ઠ/પૃષ્ઠો
    v. વિદ્યાર્થી-માર્ગદર્શકનું પ્રમાણપત્ર (પરિશિષ્ટ-5 મુજબ)
    vi. પ્રસ્તાવના/આભાર
    vii. અનુક્રમણિકા (પૃષ્ઠક્રમાંક સહિત)
    viii. સારણી સૂચિ (પૃષ્ઠક્રમાંક સહિત)
    ix. આકૃતિ/ આલેખ/ નકશા/ સંક્ષેપ સૂચિ (પૃષ્ઠક્રમાંક સહિત)
    x. પ્રકરણો
    xi. સંદર્ભસૂચિ (References)
    xii. વાઙ્મયસૂચિ (Bibliography)
    xiii. પરિશિષ્ટો
    xiv. પારિભાષિક શબ્દસૂચિ
    xv. કોરું પૃષ્ઠ
    xvi. સારસંક્ષેપ/સારાંશ/abstract
    xvii. સંશોધનપત્રના પ્રકાશન સંબંધિત વિગતો

પરિશિષ્ટ-V

# <u>પ્રમાણપત્ર</u>

આથી હું ———————————————————— લખી આપું છું કે ગ્રંથાલય અથવા દસ્તાવેજીકરણ કેન્દ્રના કોઈ કાર્ય માટે મારા શોધનિબંધનો કોઈ ભાગ કે સંપૂર્ણ શોધનિબંધ **કોઈને** સોંપવામાં આવશે તો તેનો મને કોઈ વાંધો નથી.

**સ્થળ : ________________** **વિદ્યાર્થીની સહી : ________________**

**તારીખ : ________________** **વિદ્યાર્થીનું નામ : ________________**

**માર્ગદર્શકની સહી : ________________________________**

**માર્ગદર્શકનું નામ : ________________________________**

**સરનામું : ________________________________**

________________________________

________________________________

# <u>પ્રમાણપત્ર</u>

આથી હું / અમે __________________ પ્રમાણપત્ર આપું છું / આપીએ છીએ કે મારા / અમારા સીધા માર્ગદર્શન હેઠળ ગૂજરાત વિદ્યાપીઠમાં ____________________________ __________________ ની પદવી મેળવવાના ભાગરૂપે સુશ્રી/શ્રી ____________________ __________________ દ્વારા_________________________ વિદ્યાશાખાના _________ __________________________વિષયમાં રજૂ કરવામાં આવેલો શોધનિબંધ કે જેનું શીર્ષક ______________________________________________________________ છે તે વિશ્વસનીય અને પદ્ધતિસરનું યોગ્ય શોધકાર્ય છે. ગૂજરાત વિદ્યાપીઠ અથવા અન્ય કોઈ વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટી)માં આ શોધકાર્યનો કોઈપણ ભાગ બીજી કોઈ પદવી માટે રજૂ કરવામાં આવ્યો નથી.

**સ્થળ :** ________________

**તારીખ :** ________________

**માર્ગદર્શકની સહી :** ____________________

**માર્ગદર્શકનું નામ :** ____________________

**સરનામું :** __________________________
__________________________
__________________________

**સહમાર્ગદર્શકની સહી :** ___________

**સહમાર્ગદર્શકનું નામ :** ___________

**સરનામું :** __________________________
__________________________
__________________________

# બાંહેધરી

આથી હું બાંહેધરી આપું છું કે આ શોધનિબંધમાં પ્રસ્તુત સમગ્ર સંશોધનકાર્ય ____ ______ વિષયમાં ____________ ની પદવી પ્રાપ્ત કરવાના ભાગરૂપે નીચે સહી કરનારા __ ____________________________________ ના સીધા માર્ગદર્શન અને દેખરેખ હેઠળ રજૂ કરવામાં આવ્યું છે. આ સંશોધનકાર્યનો કોઈપણ હિસ્સો બીજી કોઈ પદવી માટે રજૂ કરવામાં આવેલો નથી.

**સ્થળ :** ______________ **વિદ્યાર્થીની સહી :** ______________

**તારીખ :** ______________ **વિદ્યાર્થીનું નામ :** ______________

**માર્ગદર્શકની સહી :** ____________________________

**માર્ગદર્શકનું નામ :** ____________________________

**સરનામું :** ____________________________

____________________________

____________________________

**સહમાર્ગદર્શકની સહી :** ______________

**સહમાર્ગદર્શકનું નામ :** ______________

**સરનામું :** ____________________________

____________________________

____________________________

# Certificate

**This is to certify that I have no objection for supplying a copy of my thesis or any part of it to rendering service either in library or documentation center.**

**Place : ______________________** **Student's Signature : _____________**

**Date : ______________________** **Student's Name: _________________**

**Supervisor's Signature:_____________________________**

**Supervisor's Name :______________________________**

**Supervisor's Address:______________________________**
________________________________
________________________________
________________________________

# <u>CERTIFICATE</u>

**This is to certify that the thesis entitled________________________ ________________________________ submitted by ___________________ in partial fulfillment of the requirements for the award of the degree of __________________ in __________________subject of the _______________________ faculty of Gujarat Vidyapith, Ahmedabad is a faithful record of bona fide research work carried out by her/him under my/our personal guidance and supervision and the thesis has not previously formed the basis for the award of any degree, diploma or any other similar title.**

**Place : __________________** | **Supervisor's Signature :__________________**

**Date : __________________** | **Supervisor's Name :____________________**

**Supervisor's Address:____________________**
**______________________**
**______________________**

**Place : __________________** | **Co-Supervisor's Signature :_______________**

**Date : __________________** | **Co-Supervisor's Name:__________________**

**Co-Supervisor's Address :________________**
**______________________**

# DECLARATION

**This is to declare that whole of the research work reported here in this thesis for the partial fulfillment of the requirements for the degree of ________________ in ________________________ by the undersigned is the result of investigation done by her/him under the direct guidance and supervision of _________________ Department of Gujarat Vidyapith, Ahmedabad and no part of the work has been submitted for any other degree so far.**

**Place :** ______________________ **Student's Signature :** ____________

**Date :** ______________________ **Student's Name:** ________________

**Supervisor's Signature:**_____________________________

**Supervisor's Name :**_______________________________

**Supervisor's Address:**_______________________________
_______________________________
_______________________________

**Co-Supervisor's Signature:**__________________________

**Co-Supervisor's Name:**_____________________________

**Co-Supervisor's Address :**___________________________
_______________________________
_______________________________

# प्रमाणपत्र

मैं ____________________________________________ निवेदन करता हूँ कि, ग्रंथालय या दस्तावेजी कार्य हेतु मेरे शोधनिबंध का किसी भाग या संपूर्ण शोधनिबंध किसी को दिये जाने पर मुझे किसी प्रकार की आपत्ति नहीं होगी ।

**स्थळ** : ___________________

**विद्यार्थी के हस्ताक्षर :** ______

**दिनांक** : ___________________

**विद्यार्थी का नाम :** _________________

**मार्गदर्शक के हस्ताक्षर** : ______________________________________

**मार्गदर्शक का नाम** : ______________________________________

**पता** : ______________________________________

______________________________________

______________________________________

# <u>प्रमाणपत्र</u>

मैं/हम _____________________ प्रमाणपत्र प्रदान करता/ते हूँ/है कि, मेरे/हमारे मार्गदर्शन तहत गूजरात विद्यापीठ की ______________________________________________ उपाधि हेतु श्री __________________________________________ द्वारा _________________________ विद्याशाखा के ____________________ विषय में प्रस्तुत शोधनिबंध जिसका शीर्षक __________ ______________________________________________________________________ है, वह एक विश्वसनीय एवं उचित संशोधनकार्य है । गूजरात विद्यापीठ या अन्य किसी विश्वविद्यालय में इस संशोधनकार्य का कोई भाग अन्य उपाधि हेतु प्रस्तुत नहीं किया गया है।

**स्थळ** : __________________ **मार्गदर्शक के हस्ताक्षर :** ______________________

**दिनांक** : __________________ **मार्गदर्शक का नाम :** _________________________

**पता** : ____________________

_______________________

_______________________

**स्थळ** : __________________ **सह-मार्गदर्शक के हस्ताक्षर :** _____________

**दिनांक** : __________________ **सह-मार्गदर्शक का नाम :** ______________________

**पता** : ____________________

_______________________

_______________________

# <u>विश्वास-पत्र</u>

मैं निवेदन करता हूँ कि, इस शोधनिबंध में प्रस्तुत समग्र संशोधनकार्य ______________ ________ विषय में ______________ उपाधि हेतु ____________________________________ के मार्गदर्शन में प्रस्तुत किया है । इस संशोधनकार्य का कोई भी भाग अन्य किसी उपाधि हेतु प्रस्तुत नहीं किया गया है ।

**स्थळ** : ________________

**विद्यार्थी के हस्ताक्षर :** ______

**दिनांक** : ________________

**विद्यार्थी का नाम :** _______________

**मार्गदर्शक के हस्ताक्षर** : _________________________________

**मार्गदर्शक का नाम** : _________________________________

**पता** : _________________________________

_________________________________

_________________________________

**सह-मार्गदर्शक के हस्ताक्षर :** ________________________________

**सह-मार्गदर्शक का नाम** : _________________________________

**पता** : _________________________________

_________________________________

_________________________________

પરિશિષ્ટ-VI

મૂલ્યાંકન અહેવાલનું માળખું

# ગૂજરાત વિદ્યાપીઠ: અમદાવાદ

## ગૂજરાત વિદ્યાપીઠના M.Phil./Ph.D. અભ્યાસક્રમ

## અંતર્ગત શોધનિબંધ વિશે પરીક્ષકનો લેખિત અહેવાલ

| | | |
|---|---|---|
| પરીક્ષાર્થીનું નામ | .: | |
| (અટક- નામ- પિતાનું નામ) | | |
| | | |
| સરનામું | .: | |
| | | |
| વિદ્યાશાખાનું નામ | .: | |
| વિભાગનું નામ | | |
| વિષય | .: | |
| | | |
| | | |
| શોધનિબંધનું શીર્ષક | .: | |
| | | |
| | | |
| માર્ગદર્શકનું નામ, હોદ્દો અને સરનામું | .: | |
| | | |
| | | |
| નિબંધ પરીક્ષણ માટે મળ્યાની તારીખ | .: | |
| | | |
| | | |

નિબંધ તપાસીને પૂર્ણ કર્યાની તારીખ .:

| |
|---|
| . |
| મેં ઉપરોક્ત પદવી માટેનો ઉપરોક્ત શોધનિબંધ પૂરો તપાસ્યો છે. તે અંગે મારાં મંતવ્યો નીચે મુજબ છે. |

....૨

(૧) <u>શોધનિબંધનું શીર્ષક</u>:- યોગ્ય છે. / વિષયવસ્તુને અનુરૂપ નથી. / અસ્પષ્ટ છે. / અપુરતુ છે.
શીર્ષક જો અયોગ્ય હોય તો :
કરવાનો થતો સુધારો દર્શાવો.

(૨) <u>શોધનિબંધ રજૂ કરનારની નિબંધની રજૂઆત અંગે:-</u>

| ક્રમ | વિગત | વધુ સારું | સારું | મધ્યમસર | નબળું | અતિ નબળું |
|---|---|---|---|---|---|---|
| ૧. | ભાષા | | | | | |
| ૨. | અભિવ્યક્તિ | | | | | |
| ૩. | લખાણની સુઘડતા | | | | | |
| ૪. | રજૂઆતની વૈજ્ઞાનિકતા | | | | | |
| ૫. | સંશોધન પદ્ધતિ (Research Methodology) | | | | | |
| ૬. | અન્ય | | | | | |

(3) <u>શોધનિબંધમાં પરીક્ષાર્થીના સ્વાધ્યાયનું પ્રતિબિંબ:-</u>

૧.

૨.

૩.

(૪) <u>શોધનિબંધમાં રજૂ કરેલાં તારણ અને અર્થઘટન અંગે:-</u>

૧.

૨.

૩.

૪.

૫.

૬.

૭.

૮.

૯.

૧૦.

....3

(૫) <u>દરેક પ્રકરણમાં આપેલી માહિતીની અધિકૃતતા વિશે પ્રકરણવાર મંતવ્ય:-</u>

<u>પ્રકરણ - ૧.</u>

<u>પ્રકરણ - ૨.</u>

<u>પ્રકરણ - ૩.</u>

<u>પ્રકરણ - ૪</u>

<u>પ્રકરણ - ૫</u>

<u>ઉપસંહાર :-</u>

...૪

(૬) **શોધનિબંધ પ્રકાશન કરવા અંગે અભિપ્રાય / સૂચનો :-**

(સૂચનો વધારે હોય તો અન્ય પેજ ઉપર લખીને અહેવાલ સાથે જોડી શકો છો.)

૧. યથાવત્ પ્રકાશન કરવાની પરવાનગી આપવી.

૨. ટૂંકાવીને પ્રકાશન કરવાની પરવાનગી આપવી.

૩. નીચેના સુધારા કરીને પ્રકાશન કરવાની પરવાનગી આપવી.

(૧) :

(૨) :

(૩) :

(૭) **શોધનિબંધની મર્યાદા:-**

૧.

૨.

૩.

૪.

૫.

(૮) **શોધનિબંધની વિશેષતા :-**

૧.

૨.

૩.

૪.

૫.

મારો અભિપ્રાય છે કે સુશ્રી/શ્રી________________________________
નો પ્રસ્તુત શોધનિબંધ M.Phil./Ph.D. ની પદવી કક્ષાનો છે/નથી. શોધનિબંધનું તારણ મૌલિક છે/નથી. નવું અર્થઘટન દર્શાવે છે/દર્શાવતું નથી. આથી આ શોધનિબંધ M.Phil./Ph.D.ની પદવી માટે સ્વીકારવા યોગ્ય છે/નથી. ગૂજરાત વિદ્યાપીઠના નિયમ અનુસાર શોધકર્તા ઉમેદવારની તેમના આ શોધનિબંધ વિશે મૌખિક પરીક્ષા રાખવાની ભલામણ છે/ભલામણ નથી.

મૌખિક પરીક્ષામાં નીચેના મુદ્દાઓ ચકાસવાની મારી ભલામણ છે :-

૧.

૨.

૩.

૪.

૫.

૬.

૭.

તારીખ : ____________ ________________

સ્થળ : ____________ (પરીક્ષકની સહી)